આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કર્ક

આજના ગ્રહોની કુંડળી



આજે સાંજે સવાપાંચે ચંદ્ર કર્કમાંથી સિંહ રાશિમાં પ્રવેશ કરે છે. સૂર્ય શુક્ર ઉચ્ચના છે અને મંગળ ચંદ્ર સ્વગૃહી છે. ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ ઉચ્ચના ગ્રહો તેમજ સ્વગૃહી ગ્રહોને કારણે આજે આપની કુંડળી બળવાન બનેલ છે. આર્થિક લાભ ઉપરાંત દિવસ દરમિયાન આકસ્મિક ધનલાભ થવા સંભવ છે.

વૃષભ અગિયારમે ઉચ્ચનો શુક્ર આપને આખા દિવસ દરમિયાન વૈભવી જીવન પસાર થાય તેવો યોગ ઉભો કરે છે - ધાર્યા કરતાં વધારે લાભ મળશે. ફાયદો થાય.

મિથુન અગિયારમે અને દસમે ઉચ્ચના ગ્રહો આપને આજે અણધાર્યા લાભો મેળવી આપે. ન ધારેલી જગ્યાએથી આપને આર્થિક આવકો થાય અને મન પ્રસન્ન રહે.

કર્ક રાશિમાં સ્વગૃહી ચંદ્ર તમોને આજે માનસિક રીતે ફાયદો કરાવે - જીવનસાથીથી પ્રસન્નતા મળે. આર્થિક લાભ થાય - મિત્રોની મદદ મળી રહે. દિવસ સારો જાય.

સિંહ બારમે ચંદ્ર સ્વગૃહી તમોને કલ્પના શક્તિ વિકસાવીને તમારી પાસે નવું સર્જન કરાવે ને સાહિત્યમાં આગળ પ્રગતિ કરાવે - ચોથે મંગળ સ્વગૃહી વ્યગ્રતાભર્યો સમય પસાર કરાવે.

કન્યા સાતમે ઉચ્ચનો શુક્ર મતોને ટીવી, ફિલ્મ લાઈનમાં સફળતા અપાવે અને તે લાઈનના નવા નવા સંપર્કો ઉભા કરાવે જે તમારે માટે ફાયદાકારક નીવડે. ઉત્તમ દિવસ છે.

તુલા સાતમે ઉચ્ચનો સૂર્ય રાજદારી અને સરકારી ક્ષેત્રના અગ્રણીઓ સાથે મુલાકાત કરાવેને તે મુલાકાત તમારે માટે ફળદાયી નીવડે અને તમે ઇચ્છિત પરિણામ મેળવી શકો.

વૃશ્ચિક રાશિપતિ રાશિમાં છે પરંતુ વક્રી શનિ સાથે યુતિમાં છે. મંગળની પ્રબળતાથી તથા સૂર્ય શુક્રની ઉચ્ચતાથી તમારે કૌટુંબિક અને મિત્ર વર્તુળ સાથે અકલ્પનીય સંબંધ સારો થશે - ફાયદો થશે.

ધન ચોથે ઉચ્ચનો શુક્ર અને પાંચમે ઉચ્ચના સૂર્ય બુધથી આપની કુંડળી ઝળહળતી થઇ છે - ફાયદો થાય તેમ છે - બારમે મંગળને કારણે ક્રોધ ઉપર અંકુશ રાખશો તો સારું.

મકર સાતમે ચંદ્ર જીવનસાથી સાથે સરસ સુમેળભર્યો સંબંધ રાખે ને તમો આનંદમાં દિવસ પસાર કરી શકો - મિત્રોથી આર્થિક લાભ - ફાયદો થાય.

કુંભ બીજે ઉચ્ચનો શુક્ર ધનલાભ કરાવે - ત્રીજે ઉચ્ચનો સૂર્ય પરાક્રમ - ભ્રાતૃભુવનમાં હોઈ ભાઈઓ તથા કુટુંબીઓ દ્વારા લાભ - ફાયદો કરાવે.

મીન રાશિમાં ઉચ્ચનો શુક્ર તમોને ખૂબ જ ધન અને લોકપ્રિયતા અપાવે - મીડીયા લાઈનથી ફાયદો કરાવે - તમારી પ્રસિદ્ધિ થાય - ફાયદો થાય.

એફેડીન જથ્થાના મુખ્ય સૂત્રધારને પકડવા ઉંડી તપાસ

અમદાવાદ,તા. ૧૪

નાર્કોટિક્સના ઈન્ટરનેશનલ રેકેટનો પર્દાફાશ કરવામાં ક્રાઈમ બ્રાંચ તથા એટીએસની સંયુક્ત

ટીમ સફળ થઈ ગઈ છે અને ૨૭૦ કરોડના એફેડ્રીના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરી લીધી છે પરંતુ એમ માનવામાં આવે છે કે, આ કેસમાં મુખ્ય સૂત્રધાર ભાજપના પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોર રાઠોડ છે. કિશોર અને તેના સાથી જય મુખીએ મળીને એફેડ્રીનો જથ્થો અહીં ઉતારવામાં આવ્યો હતો. કિશોર રાઠોડ ભૂતકાળમાં પણ એક વખત બનાવટી નોટના સંદર્ભમાં ઝડપાઈ ચુક્યો છે. ૨૦૦૦માં બનાવટી ચલણી નોટના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચના સકંજામાં તે આવ્યો હતો. એક ઈસમની ધરપકડ કરાયા બાદ હવે કિશોર રાઠોડને પકડી પાડવા માટે જોરદાર કવાયત ચાલી રહી છે. ક્રાઈમ બ્રાંચ અને એટીએસની ટીમ દ્વારા જુદી જુદી જગ્યાઓએ દરોડા પાડ્યા છે પરંતુ તેની ધરપકડ કરાઈ નથી. એવું પણ જાણવા મળ્યું છે કે, કિશોર દુબઈમાં પોલેન્ડના ડ્રગ માફિયાઓને પણ મળી ચુક્યો છે. પાર્ટી ડ્રગ બનાવી દેશ વિદેશમાં સપ્લાય કરવાની ગતિવિધિ ચલાવવામાં આવી રહી હતી. જાણકાર લોકોના કહેવા મુજબ એફેડ્રીમાંથી મેથાફેટામાઈન (પાર્ટી ડ્રગ્સ) બનાવીને આ જથ્થો એમ્સ્ટર્ડમ મોકલવાની યોજના હતી. ભારતમાં પણ આ જથ્થો જુદા જુદા વિસ્તારોમાં મોકલવામાં આવનાર હતો. મેથાફેટામાઈન એક પાર્ટી ડ્રગ્સ છે અને હાલના સમયમાં યુવાનોમાં તેની ખુબ વધારે માંગ છે. ગુનામાં સામેલ અન્યોની શોધખોળ પણ ચાલી રહી છે જેના ભાગરુપે ક્રાઈમ બ્રાંચ અને એટીએસની ટીમો ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર તથા અન્ય રાજ્યોમાં પોલીસ સાથે સંપર્કમાં રહીને પકડી પાડવાની કવાયત ચલાવી રહ્યા છે.

ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટો એફેડ્રીનનો જથ્થો જપ્ત

ગુજરાત રાજ્યના ઈતિહાસમાં સૌથી મોટો એફેડ્રીનનો જથ્થો અમદાવાદ શહેરમાંથી પકડી પાડીને ક્રાઈમ બ્રાંચ અને એટીએસે મોટી સફળતા હાંસલ કરી છે. નાર્કોટિક્સના ઈન્ટરનેશનલ રેકેટનો પર્દાફાશ કરી સંયુક્ત ટીમે ૨૭૦ કરોડની કિંમતનો એફેડ્રીનનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. આ સંબંધમાં એકની ધરપકડ કરી લેવામાં આવી છે. અમદાવાદ જિલ્લાના દહેગામમાં વહેલાલ ગામની સીમમાં આવેલી એક ફેક્ટરીના શેડમાંથી ૧૩૬૪ કિલોગ્રામ એફેડ્રીનનો જથ્થો પકડી પાડ્યો છે. આ સંદર્ભમાં નરેન્દ્ર ધીરજલાલ કાચાને પકડી પડાયો છે જે માનસરોવર એપાર્ટમેન્ટ નરોડાનો નિવાસી છે. મુખ્ય સૂત્રધાર અને અન્યોની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. ટૂંકમાં જ તેમની ધરપકડ થાય તેમ માનવામાં આવે છે. બે આરોપી ફરાર છે. પોલીસ તપાસમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોરસિંહ રાઠોડનું નામ બહાર આવ્યું છે. આ જથ્થો કેમિકલ પ્રોસેસ કરીને મેથા એમ્ફેટામાઈન નામનું પાર્ટી ડ્રગ્સ બનાવીને પોલેન્ડ તેમજ યુરોપના દેશોમાં મોકલાતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ક્રાઈમ બ્રાંચના જેસીપી જે કે ભટ્ટે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી અમદાવાદની અંદર ડ્રગ્સ બનાવવાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની બાતમી અમદાવાદ પોલીસને મળી હતી, જેના આધારે પોલીસે સતત ૧૫ દિવસથી વોચ ગોઠવી અને વહેલાલ પાસે આવેલી એમડી સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ નામની ફેક્ટરીના શેડમાંથી ૧૩૬૮ કિલોગ્રામ જેટલા એફેડ્રિન નામના માદક પદાર્થના જથ્થા સાથે નરેન્દ્ર ધીરજલાલ કાચા (ઉ.વ.૪૪)ને ઝડપી પાડ્યો હતો.

કાંકરેજ તાલુકામાં બે દિવસમાં બે અકસ્માત : બે ના મોત

કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકાના શિહોરી-ખીમાણા માર્ગ પર આવેલા ચેખલા ગામ પાસે માથા પર ટોપલુ લઈને રોડ ક્રોસ કરવા જઈ રહેલા ખેડૂતને ધસમસતી આવી રહેલી ટ્રકે અડફેટે લેતા ખેડૂતને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રકચાલક નજીકમાં આવેલ હોટલ પર પોતાની ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રકચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ કાંકરેજના શિહોરી-ખીમાણા માર્ગ પર માથે પોટલુ ઉપાડી જઈ રહેલા ચેખલા ગામના જયવિજય બાલોધણા (ઠાકોર) અને સેમાજી દલસંગજી રોડ ક્રોસ કરવા જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક એક ટ્રકની અડફેટે આવી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ મોટી સંખ્યામાં આસપાસના ગ્રામજનો આવી પહોંચ્યા હતા. અકસ્માતને પગલે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. બનાવમાં ગંભીર ઈજાને કારણે સેમાજી દલસંગજીનું ઘટનાસ્થળે મૃત્યુ થયુ હતુ. અકસ્માત સર્જી ટ્રક લઈને ફરાર થઈ ગયેલો ટ્રકચાલક આગળ આવેલી નવજીવન હોટલ પર ટ્રક મુકી ભાગી છુટ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે કાંકરેજ વિસ્તારમાં માર્ગ અકસ્માતના બનાવોમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસમાં થયેલા માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

ભિલોડામાં રામનવમીના પાવન પર્વ નિમિત્તે શોભાયાત્રા નીકળી

ભિલોડા, તા. ૧૫

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં રામનવમીના પાવન પર્વ નિમિત્તે શ્રી રામચંદ્ર ભગવાનની શોભાયાત્રા વાજતે-ગાજતે નીકળી હતી. ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. રામનવમી નિમિત્તે શોભાયાત્રાનું પ્રસ્થાન અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ભિલોડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, ડી.એસ.પટેલના વરદ્ હસ્તે કરાયુ હતું. આ પ્રસંગે મનિષભાઈ પટેલ, સંકેતભાઈ ચૌધરી, રામઅવતાર શર્મા, કંદર્પભાઈ પટેલ તેમજ સેવાભાવી કાર્યકરો, ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

અરવલ્લીમાં રામનવમીની ભકિતભાવપૂર્વક ઉજવણી

મોડાસા શહેરમાં રામલલ્લા ભગવાનની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા : માનવ મહેરામણ ઉમટયુ : વીએચપી, બજરંગદળ અને દુર્ગાવાહીની અને અખાડાઓનું શકિત પ્રદર્શન

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં રામ નવમી પર્વની ઉજવણી રામભકતો દ્વારા ભકિતભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. ભગવાન રામલલ્લાના જન્મ દિવસની ઉજવણીનું પર્વ એટલે રામનવમી-શુક્રવારે અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન રામલ્લાની ભવ્ય શોભાયાત્રા શહેરના માર્ગો પર ફેરવવામાં આવી હતી તેમજ મંદિરમાં રામ ભગવાનની પૂજા અર્ચના કરી જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના માર્ગો જયશ્રી રામના નાદથી ગુંજી ઉઠયા હતા. રથયાત્રામાં અખાડાઓ દ્વારા શકિત પ્રદર્શન કરાયું હતું. શહેરના માર્ગો પર ભારે આતશબાજી સાથે શહેરના નગરજનો રામભકિતના રંગે રંગાયા હતા.

મોડાસા શહેરમાં ચૈત્ર સુદ નોમ પર્વે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન રામના જન્મ દિવસ નિમિત્તે ૧૫ દિવસ અગાઉ શહેરના માર્ગો પર ભગવાન રામનો જન્મદિવસ એટલે રામનવમીની ઉજવણીની શુભેચ્છા પાઠવતા બેનરો પ્રદર્શિત થતા શહેરના નગરજનો રામનવમીની ભવ્યાતિભવ્ય

શોભાયાત્રા નિહાળવા આતુર બન્યા હતા. શુક્રવારે રામનવમીના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહિની દ્વારા નગરયાત્રા કાઢવામાં આવી હતી. શહેરના જયસ્વાલ બંધુઓના નિવાસસ્થાનેથી નીકળેલી શોત્રાયાભામાં જિલ્લાના એબીવીપી અને કર્ણાવતી વાસણા વીએચપી બજરંગ દળ, જય ગોગા અખાડા અને વનબંધુઓ અને ક્ષત્રિય સમાજના લોકોએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું. શોભાયાત્રામાં અવનવી ઝાંખી પ્રદર્શન કરતા ટેબ્લોએ બાળકોમાં વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું. યાત્રામાં વિવિધ ભજન મંડળીઓ દ્વારા વાતાવરણ ભકિતમય બન્યું હતું. શહેરના માર્ગો પર કેસરી ધજાઓ અને કેસરીયા પહેરવેશથી શહેરના માર્ગો પર કેશરીયો છવાયો હતો. મોડાસાના માર્ગો દિવસભર જયશ્રી રામના નારાથી ગુંજી ઉઠયા હતા. રામભકતો દ્વારા રામજન્મભૂમિ પર રામ મંદિર હોકે રહેગાના નારાઓ સતત લગાવી રહ્યા હતા. મોડાસા શહેરના માર્ગો પર શહેરના રહેણાંક સોસાયટીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવાની સાથે ભગવાન રામ લલ્લાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રામલલ્લાની શોભાયાત્રા બસ સ્ટેન્ડ પાછળ પહોંચી ત્યારે મોડાસા લાયન્સ અને લાયોનેસ કલબ દ્વારા રથયાત્રામાં જોડાયેલા રામભકતો માટે ગરમીથી રાહત મળે તે માટે ઠંડી છાશ, ફુડ પેકેટ અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભાવ ઘટ્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દિવસે જ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. એકબાજુ પેટ્રોલની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. ત્યારે ડીઝલની કિંમતમાં વધારો થયો હતો. વેટ અને સેલટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૩.૦૨ રૂપિયાનો ઘટાડો થયો હતો. પેટ્રોલ ડિઝલની કિંમતમાં સતત ફેરફાર થતાં રહે છે. એકબાજુ મોંઘવારી આસમાને છે ત્યારે પેટ્રોલ ડિઝલની કિંમતમાં ફેરફારની સીધી અસર જોવા મળે છે. સામાન્ય લોકો ઉપર તેની માઠી અસર થાય છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના કહેવા મુજબ દિલ્હીમાં પેટ્રોલની કિંમત હાલમાં ૬૧.૮૭ છે જે હવે ૬૧.૧૩ હશે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં લિટરે ૭૪ પૈસાનો તથા ડિઝલની કિંમતમાં લિટરે ૧.૩૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડો આજ મધરાતથી લાગુ પડશે. નવી કિંમતો શુક્રવાર રાતથી લાગુ થશે.

સાફ સંકેત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વર્ષથી પણ વધુ ગાળામાં સૌથી ઓછી સપાટી છે જ્યારે છ મહિનાના લાંબાગાળા બાદ પ્રથમ વખત રેટમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ રેટમાં ૧.૫ ટકાનો ઘટાડો જાન્યુઆરી ૨૦૧૫ બાદથી કરી દીધો છે. ઉદ્યોગ જગત ઈચ્છે છે કે, મૂડીરોકાણને વધારવા માટે આરબીઆઈ તરફથી વધુ કાપ મુકવામાં આવે. આની સાથે સાથે બેંકો પણ ધિરાણદરમાં ૦.૨૫-૦.૫ ટકા સુધીનો ઘટાડો કરી ચુકી છે. ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ અને વર્લ્ડ બેંકની બેઠકમાં હાજરી આપવા માટે અમેરિકા પહોંચેલા રાજને કહ્યું હતું કે, આરબીઆઈની નજર મોનસુનની પ્રગતિ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. સતત બે વર્ષ સુધી મોનસુનની દ્રષ્ટિએ ખરાબ વર્ષ રહ્યા બાદ સ્થિતિમાં સુધારો થયો છે. વોલસ્ટ્રીટ જનરલ સાથેની વાતચીતમાં રાજને કહ્યું હતું કે, સારા મોનસુનના સંકેતની અમે રાહ જોઈ રહ્યા છે. મોનસુનને લઈને અમે હજુ પણ નિરાશ અને સંવેદનશીલ રહીએ છીએ. જો ત્રીજી વખત સતત મોનસુનની સ્થિતિ નબળી રહેશે તો હાલત ખુબ જ કફોડી રહેશે.

માઈક્રો આર્થિક સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, અમેરિકાના ફેડરલ રિઝર્વના ચેરમેન જેનેટ લેલેન અમેરિકન માર્કેટ માટે તેમની પોલિસીમાં માર્કેટ લક્ષી પગલા લઈ રહ્યા છે. તેઓ વધારે ધ્યાન આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઉભરતા બજારના નીતિ નિર્માતાઓ દ્વારા ભૂતકાળમાં ફેડ પોલિસીની ટિકા કરવામાં આવી હતી પરંતુ હવે ટિકા થઈ રહી નથી. રાજને ઉમેર્યું હતું કે, ફેડ પોલિસીમાં હાલમાં જ ફેરફારથી ઉભરતા માર્કેટને પણ ફાયદો થઈ રહ્યો છે.

ચલણમાં ઉથલપાથલ અને કોમોડિટીની કિંમતમાં ઘટાડાથી ઘણો ફાયદો થઈ રહ્યો છે. આ મુદ્દાઓને પણ હાથ ધરવામાં આવ્યા છે. રેટમાં ઘટાડાની ગતિને ધીમી રાખી છેજેથી અન્યો ઉપર દબાણ ઘટ્યું છે. રાજને અન્ય શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. મોનસુનને લઈને આશા વ્યક્ત કરી હતી. રાજને હાલમાં જ પોલિસી સમીક્ષા જારી કરતી વેળા પોલિસી રેટમાં ઘટાડો કર્યો હતો. કેટલાક મહત્વના પગલા લીધા હતા. સીઆરઆરને યથાવત ૪ ટકાના દરે જાળવ્યો હતો.

લશ્કરી કવાયત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લાગેલી છે. આ કવાયતનુ નામ શત્રુજીત રાખવામાં આવ્યુ છે. થારના રણ વિસ્તારમાં કોડનેમ શત્રુજીત સાથે શરૂ થયેલી આ કવાયતમાં તમામ પ્રકારની સેનાની કુશળતાની તૈયારીની સમીક્ષા કરવામાં આવી રહી છે. મેદાન પર સેનાની ઝડપી કામગીરીની પ્રાયોગિક તૈયારી દર્શાવવામાં આવી રહી છે. દિલધડક લશ્કરી કવાયતમાં ભારતીય સેનાની જુદી જુદી સૌથી કુશળ ટુકડી હથિયારો સાથે ભાગ લઈ રહી છે.

પાકિસ્તાનની સરહદપર સુરક્ષા સાધનોને વહેલી તકે એકત્રિત કરવા અને દુશ્મન પર ઝડપી રીતે ત્રાટકવાની તૈયારીની કવાયત ચાલી રહી છે. લશ્કરી કવાયતનો મુખ્ય હેતુ તૈયારીની સમીક્ષા કરવાનો છે. કવાયત પર મથુરા સ્થિત એક કોર્પ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. જયપુરમાં સાઉથ વેસ્ટર્ન કમાન્ડ હેડક્વાટર્સ હેઠળ રહેલા સાધનોનો ઉપયોગ પણ આમાં કરવામાં આવી રહ્યો છે. તમામ સાધનોને કવાયતમાં ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાન હથિયાર તરીકે પરમાણુ શસ્ત્રોની વાત કરીને ભારતને ગેરમાર્ગે દોરી શકે છે પરંતુ તેને આ રીતે સાવધાન કરવાની પણ ગણતરી રહેલી છે.

પ્રાપ્ત માહિતી મુજબ યુદ્ધ કવાયતના અંતિમ તબક્કામાં ભારતીય સેનાના વડા દલબીરસિંહ સુહાગ પણ પહોંચનાર છે. સુહાગ અંતિમ તૈયારીની સમીક્ષા કરનાર છે. આ કવાયતનો હેતુ પોતાની તાકાતની ચકાસણી કરવાનો પણ રહેલો છે. પાકિસ્તાન પાસે પણ લાંબી રેંજની મિસાઈલો રહેલી છે. જેમાં શાહીન અને ગૌરી મિસાઈલનો સમાવેશ થાય છે. તેની પાસે અન્ય નાની મોટી રેંજની મિસાઈલો પણ રહેલી છે. આ લશ્કરી કયાવત પર તમામ સુરક્ષા નિષ્ણાંતોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કેટલીક બાબતોને ગુપ્ત રાખવામાં આવી રહી છે.

ઉનાળો આકરો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ ખાલી જોવા મળ્યા હતા. શહેરમાં ગરમીનો મિજાજ ઉગ્ર બનતા શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. ગરમીથી બચવા નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. જયારે રાત્રિના સમયે અનોખો નઝારો જોવા મળે છે. દિવસની ગરમીથી ત્રસ્ત નગરજનો રાત્રિની ઠંડકમાં બહાર ટહેલવા નિકળી પડે છે. શહેરમાં આજે સિઝનની મહત્તમ ગરમી નોંધાઈ હતી. સિઝનની રેકર્ડ બ્રેક ગરમીથી જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. અત્યારસુધી મંદ જોવા મળતી ઉનાળાની મોસમ ઉગ્ર બનતા નગરજનો ગરમીથી તોબા પોકારી ગયા છે.

ચીફ નિમાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઠાકુરને રાજયના ડીજી બનાવાયા હતા. ઠાકુરની બદલી થતા હવે નવા ડીજીપી તરીકે મહિલા આઈપીએસ ગીતા જોહરીનું નામ ચર્ચા છે. ગુજરાતની સ્થાપનાના ૫૬ વર્ષે ગુજરાતને પ્રથમ મહિલા ડીજીપી મળે તેવી શક્યતા છે. ઠાકુરની બદલી થતા હવે ગુજરાતના નવા પોલીસ વડા કોણ તે સવાલ છે. ત્યારે સિનિયોરિટી હાલ નવા ડીજી માટે ચાર નામ ચર્ચામાં છે. જેમાં એચ.પી.સિંઘત, ગીતા જોહરી, પ્રમોદ કુમાર અને પીપી પાંડેનો સમાવેશ થાય છે. જો કે સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગીતા જોહરી પર પસંદગીનો કળશ ઢોળાશે.

સમીક્ષા બેઠક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ ઔદ્યોગિક વિસ્તાર અને ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કર્મચારીઓને મતદાન માટે રજા આપવા અંગેના વિશેષ હૂકમો જારી કરવા જેવી સૂચનાઓ પણ આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર શહેરમાં આ સ્થાનિક સ્વરાજ્યની બીજી સામાન્ય ચૂંટણી છે. તંત્ર પણ આ વખતે વધુ સતર્ક છે. જો કે આ વખતે ચૂંટણી પંચ પણ વધુ સતર્ક છે.

અદલ પલાંઠી...

● **૪ પાનાનું ચાલુ...**

કરતાં વધુ મહત્ત્વનું એ છે કે તેમાં કેટલો ગેસ ભરેલો છે. સ્વાભાવિક રીતે જ ફુગ્ગો તેના રંગને કારણે ઉપર જતો નથી પરંતુ તેમાં ભરેલા ગેસને કારણે ઉપર જાય છે.

કઈ શાળામાં ભણો છો? કેટલી મોંઘી ફી ભરો છો? કેટલા મોંઘા બૂટ પહેરો છો? કે કેટલી મોંઘી ગાડીમાં સવારી કરો છો? સફળતા માટે આ બધી બાબતો ગૌણ છે. મહત્ત્વનું તો એ છે કે તમે તમારા ધ્યેય સુધી પહોંચવા કેવા પ્રકારની મહેનત કરો છો? કઈ દિશા પસંદ કરો છો? કયુ અને કેવું સાધન ઉપયોગમાં લો છો?

નિદા ફજલી કહે છે : યે જિંદગી હૈ કુછ ખ્વાબ ચંદ ઉમ્મીદે,
ઈન્હી ખિલ્લૌંને સે તુમ ભી બહલ સકો તો ચલો...

મારી આપ સૌને એક વિનંતી છે. રસ્તે આવતાં-જતાં આ દ્વિચક્રી-ઈકો ફ્રેન્ડલી વાહન પર સવાર થયેલ ચાર શખ્સ જો નજરે પડે તો એક ક્ષણ માટે થોભી જજો. તેમને મનોમન વંદન કરજો. કહેવાય છે કે પૈંડાની શોધથી ખરી ક્રાંતિની શરૂઆત થઈ હતી. ! સાઈકલ તો ચાલશે જ. જગતને જીવંત રાખવામાં 'સાઈકલ' મહત્ત્વની છે. કદાચ, હવે પછી સાઈકલ જ ચાલશે.

મિસરી :
કઈ ઘડીએ કયો દિવસ મનહર નથી?
જિંદગી પોતે જ શું અવસર નથી?

(કિરીટ ગોસ્વામી)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ